સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના અંદાજપત્રમાંથી
માહે એપ્રિલ-૨૦૧૬ થી જુન-૨૦૧૬ માટેની
આયોજન હેઠળની (કેન્દ્રીય પુરસ્કૃત યોજના)
ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭ ( આયોજન હેઠળ )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૬/૮૨૦/ખ-3
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 30-૦૫-૨૦૧૬

વંચાણે લીધા : -

(૧) ભારત સરકાર નાં તા.૧૨/૦૪/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક
:G- 11011/4/2016/WATER-I/04

(૨) નાણા વિભાગનો તારીખ : ૦૬-૦૫-૨૦૧૬નો ઓનલાઈન ફાઈલ ક્રમાંક :
એફ.ડી./એ.પી.બી./૦૬૭-૪૨૧૫-૦૧-૧૦૨-૨૪

યાદી :-

આમુખમાં દર્શાવેલા નાણા વિભાગ અને ભારત સરકાર ના વંચાણે લીધેલ ઠરાવ થી સને ૨૦૧૬ -૧૭ ના વર્ષના અંદાજપત્રમાં આયોજન હેઠળ માંગણી ક્રમાંક -૦૬૭ મુખ્ય સદર ૪૨૧૫ હેઠળની વિભાગને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રૂા.૨૮૨૬.૦૭ લાખ (અંકે અઠ્યાવીસ કરોડ છવ્વીસ લાખ સાત હજાર પુરા) નીચે જણાવેલ વિગતવાર સદરોએ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં ખર્ચ કરવા ફાળવવા માટે ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી(પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હવાલે મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(રૂ. લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | એપ્રિલ-૨૦૧૬ થી જુન-૨૦૧૬ માટે આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | **માંગણી ક્રમાંક - ૬૭ (આયોજન હેઠળ)** | | |
| ૧ | **મુખ્ય સદર -** ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા<br>પેટા સદર - ૨૪ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ<br>વિગતવાર સદર - ૦૦<br>**હેતુ સદર -** ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ - ૪૨૧૫ ૦૧ ૧૦૨ ૨૪<br>સ્કીમ કોડ - ૫૧૨૭૬૨ | રૂ.૨૮૨૬.૦૭ | અંકે રૂપિયા અઠ્યાવીસ કરોડ છવ્વીસ લાખ અને સાત હજાર પુરા |
| | **સરવાળો - ૪૨૧૫ (અ)** | **રૂ.૨૮૨૬.૦૭** | |

શરતો :-

1. સને ૨૦૧૬-૧૭ નાં વર્ષમાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. આ રકમમાંથી પગાર અને ભથ્થાના એરીયર્સની ચુકવણી કરી શકાશે.
3. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
4. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારી ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

8. નાણા વિભાગના તા.૬-૦૫-૨૦૧૬ના પરિપત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

1. ખાસ ફરજ પરના અધિકારીશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
3. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
4. મુખ્ય ઇજનેરશ્રી (મોની અને પ્લા), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના

1. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
2. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
3. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
4. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
5. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.
6. નાયબ સેક્શન અધિકારી.
7. પસંદગી ફાઈલ.